VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

# પરિપત્ર

સંદર્ભ :- (1) યુનિવર્સિટિ કાર્યાલયનો તા. 09/04/2025 નો પત્રક્રમાંક : એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./9016/2025
(2) File No. Academic/Academic/010940/2025, Date 03/05/2025 પર મળેલ આદેશ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે,શૈક્ષણિક વર્ષ 2025-26 ના પ્રથમ સત્ર દરમિયાન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ NCF-NEP ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-3 અને સેમેસ્ટર-5 માં ઓનલાઈન કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડ માંથી લૉગિન કરીને ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ 30/04/2025 હતી, જે વધારી હવે વિધ્યાર્થીઓ તા.05/05/2025 થી તા.20/05/2025 સુધી ઓનલાઇન અરજી કરી શકશે.

1. વિધ્યાર્થીઓએ vnsgu.net પર જઈ પોતાના SPID નો Username તરીકે ઉપયોગ કરી પોતાનો password નાખી લૉગિન કરી Academic Year 2025-26 કરી પોતાના ડેશબોર્ડ માં જઈ College Transfer Application સિલેક્ટ કરી તેમાં જે સેમેસ્ટર માંથી જે સેમેસ્ટર માં ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે સેમેસ્ટર સિલેક્ટ કરી Apply for College Transfer પર ક્લિક કરવાનું રહેશે.
2. વિધ્યાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર માટે ઓછામાં ઓછી 1 અને વધુમાં વધુ 5 કોલેજની પસંદગી આપવાની રહેશે. પસંદગીની કોલેજમાં સીટ ખાલી હશે તો જ મેરીટ ના આધારે ટ્રાન્સફર થશે.
3. સેમેસ્ટર-3 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-1 નું મેરીટ, સેમેસ્ટર-5 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-3 નું મેરીટ ધ્યાનમાં લેવાશે.
4. અનુસ્નાતક કક્ષાએ પોતાની જ કોલેજમાં (દા.ત. હાયર ફી માથી લોઅર ફી માં) ફી ની કેટેગરી ટ્રાન્સફર કરવા માટે (જે અભ્યાસક્રમોમાં લાગુ પડતું હોય માત્ર તેમાં) પણ આજ અરજી લાગુ પડશે.
5. તમામ વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજી મળ્યેથી જે કોલેજોમાં બેઠકો ખાલી હશે અને ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન બેઠકો ખાલી પડે તે કોલેજો/વિભાગમાં વિધ્યાર્થીઓની પસંદગી ના આધારે મેરિટના ધોરણે ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવશે.
6. બી. કોમ. ના કિસ્સામાં અંગ્રેજી માધ્યમ માંથી ગુજરાતી માધ્યમમાં અને ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં ટ્રાન્સફર માટે પણ આજ ફોર્મ લાગુ પડશે.
7. કોલેજ ટ્રાન્સફર માટે એપ્લાઈ કરતી વખતે જે ટકાવારી હશે તે ધ્યાનમાં લેવાશે. એક વાર એપ્લાઈ થઈ ગયા બાદ એપ્લાઈ કરવાની નિયત સમયમર્યાદા માં વિધ્યાર્થી ફરી વાર એપ્લાઈ કરી શકશે. અને ત્યારે રિજલ્ટ માં સુધારો હોય તો ફરીવાર એપ્લાઈ કરે ત્યારની નવી ટકાવારી ધ્યાનમાં લેવાશે.
8. ટ્રાન્સફર ની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન હોય વિદ્યાર્થીઓને નિયમિત (દરરોજ) પોતાનું ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે તથા ટ્રાન્સફર અંગેની તમામ સૂચનાઓ અનુસરવાની રહેશે.
9. કોલેજ ટ્રાન્સફરની પ્રક્રિયા મેરિટના આધારે થતી હોવાથી કોલેજની પસંદગી સમજી વિચારીને કરવાની રહેશે, એક વાર વિદ્યાર્થીની પસંદગીની કોલેજમાં ટ્રાન્સફર માટે જે તે કોલેજે વેરિફાઇ કર્યા બાદ ફાઇનલ અલોટમેન્ટ થઈ ગયા બાદ વિદ્યાર્થી કોઇ પણ સંજોગોમાં પોતાની મૂળ કોલેજમાં પરત જઈ શકશે નહીં.
10. Open Dashboard from VNSGU.Net ➡ Go to College/Department ➡ Change Academic Year from 2024-25 to 2025-26 ➡ Scroll down & Check College Transfer Tab ➡ Select Applied for semester ➡ Select minimum 1 college & maximum 5 colleges for transfer & submit ➡ Check the college Transfer table

Inward To Sunil 5-5-25

ક્રમાંક : એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./11157/2025
તા.05/05/2025

કુલસચિવશ્રી

SHREE J.P. ARTS & SCI. College BHARUCH 05 MAY - 2025 IN. NO - 24

**નકલ સવિનય રવાના**

1) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટિના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સિટિ પરિસર ખાતેના સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ માટે, આપની કોલેજ વિભાગના નોટિસ બોર્ડ પર મૂકવા માટે/તેમજ દરેક વિદ્યાર્થીઓને આ અંગેની માહિતી આપવાની વિનંતી સહ.
2) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફ જાણ તથા